બેકરી આઈટમો **"બીગ બજાર"** મારફત વેચાણમાં મુકવા બાબત.

**ગુજરાત સરકાર,**
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંકઃજલમ/૫૦૨૦૦૯/૨૫૬૫/જ
સચિવાલય, ગાંધીનગર
**તારીખઃ–   /૨/૨૦૧૦** 4 FEB 2010

**વંચાણે લીધાઃ–** જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રીની કચેરી, ગુજરાત રાજય, અમદાવાદનો તા.૨૩/૧૧/૦૯ નો પત્ર ક્રમાંકઃઉદ્યોગ/૨/બિ.બ.વે./૧૦૪૦/૨૦૦૯.

**ઠરાવ :–**

જેલ ઉત્પાદન અને વેચાણ એ કેદી કલ્યાણ પ્રવૃત્તિનો એક ભાગ હોઈ, જેલ ઉત્પાદિત બેકરી આઈટમો "બીગ બજાર" મારફત વેચાણ અર્થે મુકવા અંગેના પ્રયોગથી જેલ ઉત્પાદનોનો બહોળો પ્રચાર સમાજમાં થઈ શકે તેમ છે જેલ ઉત્પાદિત બેકરી આઈટમો "બીગ બજાર" મારફત વેચાણમાં મુકવામાં આવે તો મોટું માર્કેટ મળી રહે તેમ હોઈ આ હેતુ માટે"બીગ બજાર" ને પણ આ કામગીરી માટે યોગ્ય વળતર મળી રહે તે હેતુથી જેલ ઉત્પાદનો "બીગ બજાર" મારફત વેચાણ કરવા માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવેલ હતા.જેલ ઉત્પાદનો જેલના ભાવે "બીગ બજાર" ને આપવાથી "બીગ બજાર" ને યોગ્ય વળતર મળી રહે તે હેતુથી જેલ ઉત્પાદનો ઉપર ૪૦% સુધી નફાના સ્વરૂપમાં કિંમત વધારાની છુટ આપવાની દરખાસ્ત થયેલ છે. તેમજ બીગ બજારને જરૂરીયાત પ્રમાણેનો માલ એક માસની ક્રેડીટ ઉપર આપવા માટે વિચારેલ છે. જેલ ઉત્પાદનોના વેચાણમાં વધારો થવાથી તે પ્રમાણમાં કેદીઓને વધુ રોજી અને તાલીમ આપી શકાય તથા સરકારશ્રીને વધુ વેચાણ ધ્વારા વધુ નફો મળી શકે તેમ હોવાથી બેકરી આઈટમો "બીગ બજાર" માફરત ૪૦% સુધી વધુ કીમત દર્શાવીને વેચાણમાં મુકવા માટે જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી અમદાવાદે સંદર્ભના પત્રથી દરખાસ્ત કરેલ છે.

૨. કાળજીપૂર્વકની વિચારણાને અંતે જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદની ઉકત દરખાસ્તને આથી મંજુરી આપવામાં આવે છે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૫/૧/૨૦૧૦ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

03/2/10

(ગુંજન વ્હોરા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

૩/૨/૧૦

પ્રતિ,
જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
સર્વે જેલ અધિક્ષકશ્રી (જે.ઈ.જ.શ્રી મારફત)

6/2/10